સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

નીડર લીડરને હસ્તે ‘ત્રીજી’નું સ્થાપન કરાવો,
એના માન-સન્માનના મોટા સંમેલન કરાવો,
મિલનો પ્રયોજી આદર કરો એમની હિંમતનો -
ને નવા-નવા વેરિયન્ટનો પરિચય કરાવો.
(ત્રીજી લહેરનું સ્વાગત કરવા નેતાશ્રીઓ તૈયાર)

હાઈકુ

પૂરો પ્રજાને
ફરી લોકડાઉને
નેતા સિવાય!

નવી ‘સંક્રાંતિ’
નાક-મોં-દાંત પછી
બેઠી છે જીભે

(તુજ વિના અવનવાં નિવેદન કોણ કરશે ?)

ચિંતન

પોતો દુરસ્ત વારિ રાશિ તરણે દીપો ન્ધકારાગમે નિર્વાતે વ્યંજં મ દાન્ધકરિ દર્પોદશાંતન્તે સૃણિઃ । ઈત્યં તદ્ભુવિ નાસ્તિ યસ્ય વિધિના નો પાયચિંતા કૃતા મન્યે દુર્જન ચિત્તવૃત્તિ હરણે ધાતાપિ ભગ્નોધમઃ ॥

ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નભાંડાકારમાંથી લેવામાં આવેલ છે.

આ શ્લોકમાં સુભાષિત જે સંકટ-મુશ્કલી - આપત્તિ છે તેના બ્રહ્માજીએ બધાના ઉપાય - ઈલાજ બતાવ્યાં છે જેમ કે - વિશાળ - ઊંડા સમુદ્રને તરવા માટે નાવ બનાવી દે, અંધકાર દૂર કરવા દિવાનો બનાવ્યો છે. જો હવા-પવન ન હોય, ગરમી થાય તેને માટે પંખા-વિંઝણા બનાવ્યા છે.

હાથી જેવો કદાવર મદોન્તર પ્રાણીને કાબૂમાં રાખવા ‘અંકુશ’ બનાવ્યું છે. આમ જ્યાં જ્યાં જેટલા સંકટ છે તેના નિકાસ ઉપાય માટે બ્રહ્માએ સાધન પણ વિચારીને મૂક્યાં છે. આમ રચયિતા કહે છે કે દુષ્ટ દુર્જનની હૃદયની વૃત્તિ તેઓ વિચાર અને તેના પ્રયોજન સમજવા અને તેને દૂર કરવા માટે નો કોઈ ઉપાય બ્રહ્માને પણ મળ્યો નથી. એટલે બ્રહ્માજી એની વૃત્તિ સામે રક્ષણ મેળવવાનો ઈલાજ શોધવામાં નિષ્ફળ ગયા છે.

સુવિચાર

- રાધાને જો એણ જ મળી ગયો હોત કાન, તો જગતને કોણ કરાવત પ્રેમનું ભાન - **ભૂપત વડોદરિયા**
- એક રિસાય અને બીજો મનાવે, પછી જે સંબંધ ઘડાય એ પ્રેમ, કયાં ક શબ્દો બોલે ને કયાંક મૌન, પછી જે સંવાદ રચાય એ પ્રેમ - **વિવેક ટેલર**
- સમય, વિશ્વાસ અને સન્માન એવું પંખી છે, જે એકવાર ઉડી જાય, તો પછી પાછું આવતું - **એસ. ભટ્ટાચાર્ય**
- જો લક્ષ્ય મેં ખો ગયા, સમજો વહી સફળ હો ગયા - **જીવન પાથેય**
- પ્રભાવિત કરે એનાં કરતાં પ્રફુલ્લિત કરે એ વધુ ટકે છે, પછી એ ફૂલ હોય કે સંબંધ - **ઈશિતા**
- મૂર્ખાઓનો લાખ વાર આભાર માનો, જો એ લોકો ન હોત તો આપણી જિંદગી કદાપિ સફળ ન થાય - **માર્ક ટ્વેઈન**
- આજનું ઔષધ : રાત્રે સૂતા પહેલા એક લસણની કળીને આગ પર સેકી ચાવી જઈ તેની ઉપર એક ઘૂંટડો પાણી પી જવાથી સુકી ખાંસીમાં રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

પ્રવાસીઓને લઈ જતા એક જહાજમાં મધદરિયે કાણું પડ્યું. દરિયાનું પાણી તેમાં ભરાવા લાગ્યું. કપ્તાને સૌને સૂચના આપી કે પોતાનો જરૂરી સામાન લઈ સમુદ્રમાં કુદી પડવું જોઈએ. તો કદાચ જીવ બચી જાય... કોઈએ પોતાની પાસેના ઘરેણાં બાંધ્યા તો કોઈએ પોતાના વસ્ત્રો સાથે લઈને સમુદ્રમાં કૂદવા તૈયારી કરી. આ પ્રવાસીઓમાં એક જ્ઞાની પુરુષ પણ પ્રવાસ ખેડી રહ્યા હતા. તેઓ શાંતિથી બેસી લોકોને જોઈ રહ્યા હતા. એમને બેસેલા જોઈ એક યાત્રીએ પૂછ્યું, ‘અરે, સ્વામીજી, તમારી જરૂરી વસ્તુ કેમ બાંધતા નથી. શા માટે આમ હાથવાળીને બેસી રહ્યા છો.’ જ્ઞાની એ જવાબમાં કહ્યું, ‘ભાઈ માટે કોઈ પોટલું બાંધવાની જરૂર નથી, મારી આવશ્યક વસ્તુ મારી સાથે જ છે.’ જહાજ ડૂબવા માંડવા સૌ પોતાની જરૂરી સામાન લઈ દરિયામાં કૂદી પડ્યા. એમણે તરવાનો પ્રયાસ કર્યો પરંતુ સાથે લીધેલા સામાનના બોજને કારણે એક પછી એક તેઓ ડૂબી ગયા. જ્ઞાની પુરુષ તરવાનું જાણતા હતા. અને વળી તેમણે કોઈ વસ્તુ સાથે લીધી ન હતી. આથી એ નિરાંતે કિનારે પહોંચી ગયા. આ જોઈને કોઈએ એમને પૂછ્યું. ‘તમે હેમખેમ કિનારે આવ્યા અને બીજા બધા કેમ ડૂબી ગયા ?’ જ્ઞાની એ કહ્યું, ‘સૌ પોતાની આવશ્યક વસ્તુઓ લઈને દરિયામાં પડ્યા હતા. એ જ વસ્તુઓના ભાર ને કારણે તેઓ ડૂબી ગયા.’ પેલાઓ પૂછ્યું, ‘સ્વામીજી, તો તમે શું કર્યું? તમે પણ આવશ્યક વસ્તુઓ લીધી હશે ને?’ જ્ઞાનીએ કહ્યું, ‘હા, મેં પણ તારો આવશ્યક સામાન સાથે લીધો અને તે છે મારું ભીતર.’

હકીકત છુપાવવાથી એ બદલાઈ જતી નથી

તંત્રીસ્થાનેથી...

સંસદના ચોમાસું સત્રમાં સરકાર સામે કોરોનાકાળ દરમિયાન રહી ગયેલી ક્ષતિઓ અંગે સવાલો તો આવવાના જ હતા. કમનસીબે સરકારે એ ક્ષતિઓ સંદર્ભે લૂલો બચાવ કરવાનો કે જવાબદારી રાજય સરકારો પર ઢોળી દેવાનો અભિગમ અપનાવ્યો છે. આખું જગત જાણે છે કે કોરોના સંક્રમણના બીજા દોરમાં કેન્દ્ર સરકાર અપેક્ષિત ધ્યાન નહોતી આપી શકી. એક તરફ પાંચ રાજયોની ચૂંટણી હતી અને બીજી તરફ આ ભયંકર, જીવલેણ મહામારી. મહામારીને પ્રાથમિકતા આપવાની ફરજ ચૂકીને કેન્દ્ર સરકારે ચૂંટણી જીતવાની બાબતને અગ્રતાક્રમે મૂકી એથી દેશભરમાં કાળો કેર વરતાયો હતો અને કલ્પના બહારની અરાજકતા સરજાઈ હતી. હોસ્પિટલોમાં પથારીઓ ખૂટી ગઈ હતી. ઓક્સિજન સિલિન્ડર મળતા નહોતા. જેને કારણે અનેક દરદી મોતના મુખમાં ધકેલાઈ ગયાં હતાં. આ કઠોર વાસ્તવનો અનુભવ કરી ચૂકેલી દેશની પ્રજા સમક્ષ સંસદમાં સરકાર એમ કહીને વાતનો વીંટો વાળી દે કે ઓક્સિજનના અભાવે દેશમાં એક પણ મોત થયેલ નથી ત્યારે એ હડહડતું જુઠ્ઠાણું જ લાગે. લૂલો બચાવ કરવા સંબિત પાત્રા જેવા હંમેશા સરકારનો બચાવ કરતા રહેલા પ્રવક્તા આગળ આવે અને કહે કે આરોગ્ય એ રાજયનો વિષય છે. કોઈ રાજયને કેન્દ્રને એવી માહિતી નથી આપી કે અમારે ત્યાં ઓક્સિજનના અભાવે એક પણ મોત થયું છે. નવાં વરાયેલાં એડવોકેટ મહિલા મંત્રી મીનાક્ષી લેખ તો સામેથી શિવસેનાના સાંસદને એમના હોમસ્ટેટમાં ઓક્સિજનના અભાવે થયેલ મોતનો આંકડો જાહેર કરવા પડકાર ફેંકે. આ બધી કળા કારીગરી તે નિર્દોષ અને દુખિયારી પ્રજાનો નર્યો દોહ છે; એની અત્યંત કડવી મજાક છે. આવી ક્રૂરતાની અપેક્ષા કોઈ પણ દેશની પ્રજા એની કેન્દ્ર સરકાર પાસે કયારેય ન રાખી શકે. ઓક્સિજન માટેની બુમરાણના અનેક સમાચારો મીડિયામાં રોજેરોજ ચમકતા હતા અને અનેક દરદીઓએ ઓક્સિજન સમયસર નહીં મળતાં જીવ ગુમાવ્યો છે તે હકીકતનો કોઈ કાળે ઈનકાર થઈ શકે એમ નથી. જો કે તબીબી જગત તો મૃત્યુના કારણ તરીકે વાઈરલ ઓર્ગનની નિષ્ફળતાને જ જવાબદાર લેખાવશે. મૃત્યુ હૃદય ફેફસાં, મગજ કે કિડની ફેલ થવાથી થતું હોય છે પરંતુ આ તમામના પાયામાં ‘ઓક્સિજન’ જેનું આપણે ‘પ્રાણાયુ’ જેવું ભાષાંતર કરીએ છીએ તે જ હોય છે. લોહી મારફત આ ઓક્સિજન શરીરના કોષો સુધી પહોંચે છે અને તેમને જીવાડે છે. કોરોનાની કારમી દ્વિતીય લહેર વખતે ઓક્સિજન પૂરતા પ્રમાણમાં નહીં મળતો હોવાની બૂમ કેજરીવાલ જેવા નાટકીયા મુખ્યમંત્રીથી લઈ હોસ્પિટલોના તબીબો અને દરદીઓના સગાઓ પાડતા રહ્યા હતા. સરકાર પૂરતી વ્યવસ્થા નહોતી કરી શકતી એનો સરકારે નૈતિક ધોરણે સ્વીકાર કરી લેવો જોઈએ. એથી ઊલ્ટાની પ્રામાણિક સરકાર તરીકે એની શાખ બચી શકી હોત. પરંતુ ધરાર હકીકતને નકારતો જવાબ આપીને અને વકીલોની ભાષામાં સત્યને પડકારીને તો સરકાર ઊલટાની એની ઈમેજ પરવધુ ઘેરી કાલિમા જ લીંપી રહી છે. રાજયોના મુખ્યમંત્રીઓએ તાત્કાલિક દુર્દશા નજરે નિહાળેલી છે. છતાં ગુજરાતના મુખ્યમંત્રી પણ સંસદમાં અપાયેલા લેખિત જવાબનો પોપટ પાઠ કરીને કેન્દ્રને વહાલા થવા પ્રયાસ કરે છે તે શું ઉચિત છે? શિવસેનાના સાંસદ આ મુદ્દે સરકાર વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં કેસ કરવાનો વિચાર રમતો મૂક્યો છે. સુપ્રીમ કોર્ટે તો તે સમયે જ સરકારને આ મુદ્દે ટપારી હતી. રાહુલી ગાંધી કહે છે એમાં તથ્ય છે - સરકાર સત્ય અને સંવેદનશીલતાનો જ છેદ ઉડાડી રહી છે. શું એક આંતરરાષ્ટ્રીય મહામારી વિશે માહિતી છુપાવી ખોટા જવાબો રજૂ કરવાથી સરકાર વધુ લોકપ્રિય બની જવાની છે ? અમેરિકાના તજજ્ઞોએ કરેલ સર્વેક્ષણ મુજબ ભારતમાં કોરોનાએ પચાસ લાખ લોકોનો ભોગ લીધો છે. સરકારે આપણને બતાવેલા આંકડા કરતાં આ તજજ્ઞોની ગણતરીમાં દસ ગણા વધારે લોકો કોરોનાનો કોળિયો બની ચૂક્યા છે. સત્ય તો મોડું વહેલું છાપરે ચડીને પોકારશે !

પરમગુરુનું દેવીસ્તવન

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

અષાઢી નવરાત્રી એટલે દેવીપર્વ. ભગવતીની ઉપાસનાનું પર્વ.

અષાઢી પૂનમ ગુરુપૂર્ણિમા છે. વ્યાસપૂર્ણિમા છે. આ દિવસ વ્યાસપૂજનનો છે. મહર્ષિ કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ ગુરુઓના ગુરુ છે; પરમ ગુરુ છે. સમગ્ર માનવજાતાના ગુરુ છે. એમણે ભગવતીની સ્તુતિ કરી છે.

(૧) સ્તુતી પુરી થાય, ત્યાં પુષ્પિકામાં જણાવ્યું છે - વ્યાસે રચેલું આ ‘ભગવતી સ્તોત્ર’ સંપૂર્ણ.’

(૨) આ સ્તુતિનો ફળપાઠ છે - ‘વ્યાસે આ સ્ત્રોતની રચના કરી છે. જે કોઈ નિયમપર્વક દેહને પવિત્ર કરીને, શુદ્ધ હૃદયથી, બહાર કે ઘરમાં આનો પાઠ કરશે, એના ઉપર ભગવતી હંમેશા પ્રસન્ન રહેશે.’

(૩) માત્ર છ જ શ્લોકનું આ નાનું એવું સ્તોત્ર સરળ છે. એકદમ સુગેશ છે. છઠ્ઠા સ્લોકમાં ફળપાઠ છે.

(૪) સમગ્ર સ્તોત્રમાં આ ધ્રુવપંક્તિ છે. ‘તમારો જય હો. વંદન મારા તમને પ્રમાણ.’

(૫) આ સિવાય સમગ્ર સ્તુતિમાં એમને થયેલાં સંબોધનો છે. એમાંથી એમની આ વિશેષતાઓ જણાઈ આવે છે :

૧. પ્રસન્નતા, સમૃદ્ધિ, શ્રેષ્ઠતા, પ્રસિદ્ધિ, સૌંદર્ય અને સામર્થ્ય છે - આ છ ગુણો એમનામાં છે; તેથી ભગવતી છે.

૨. એ તેજસ્વિની છે, એથી દેવી છે.

૩. એ પોતાના ભક્તોને વરદાન આપે છે.

૪. તમામ પ્રકારના પાપનો નાશ કરે છે.

૫. સૌ કોઈને, એમના પ્રયત્ન પ્રમાણેનાં અનેક ફળ આપે છે.

૬. એ અસુરો - શુંભ અને નિશુંભની કપાલ ધારણ કરે છે.

૭. લોકોની તકલીફો દૂર કરે છે.

૮. ચંદ્ર અને સૂર્ય એનાં બે નેત્રો છે.

૯. અગ્નિ જેવા તેજથી એનું મુખ શોભે છે.

૧૦. ભૈરવના દેહમાં પણ એનો વાસ છે.

૧૧. એણે અંધક અસુરના પ્રાણ શોષી લીધા છે.

૧૨.એણે મહિષ અસુરનો નાશ કર્યો છે.

૧૩. એના હાથમાં ત્રિશૂળ છે.

૧૪.પિતામહ બ્રહ્મા અને વિષ્ણુ એમને પ્રમાણ કરે છે.

૧૫. સૂર્ય અને ઈન્દ્ર એમને માથું નમાવે છે.

૧૬. કુમાર કાર્તિકેય અને ભગવાન શિવ એમની સ્તુતિ કરે છે.

૧૭. એ સમુદ્ર તરફ જનારી ગંગા છે.

૧૮. એ પુત્રપુત્રી અને પરિવારની વૃદ્ધિ કરે છે.

૧૯. એ સમસ્ત પ્રાણીઓમાં વસેલી છે.

૨૦. એ સ્વર્ગનો માર્ગ દર્શાવે છે.

૨૧. અણિમા, લાઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્યા, મહિમા, ઈશિતા, વશિતા, કામાવસાયિતા - આ આઠ સિદ્ધિઓ ધરાવે છે.

‘શ્રી ભગવતી સ્તોત્ર’ આ રચયિતા એવા પરમ ગુરુને ગુરુપૂર્ણિમાએ વંદન.

આભાર પ્રદર્શન

લેખમાળા ‘અમર વારસો’ને ગુરુપૂર્ણિમાના દિવસે છ વર્ષ પૂરા થાય છે અને સાતમા વર્ષમાં પ્રવેશે છે. ‘ગાંધીનગર સમાચાર’ના તંત્રી, સંન્નિષ્ઠ સહકર્મીઓ અને સમભાવી વાચકો - સૌને અંતઃકરણપર્વક આભાર...

ગુરુપૂર્ણિમાની ઉજવણીનો મહિમા

‘ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુઃ ગુરુર્દેવો મહેશ્વરઃ ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ

પ્રસંગસર
સનાતન સંસ્થા

‘ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુઃ ગુરુર્દેવો મહેશ્વરઃ
ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ?

અર્થ :

ગુરુ બ્રહ્મા છે, ગુરુ સર્વવ્યાપી ભગવાન વિષ્ણુ છે અને ગુરુ શંકર છે. એટલું જ નહીં, પણ તે સાક્ષાત પરબ્રહ્મ છે. હું આવા ગુરુઓને નમસ્કાર કરું છું.

ગુરુપૂર્ણિમા એટલે કે ગુરુ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો દિવસ. આ વર્ષે વ્યાસપૂર્ણિમા, અર્થાત્ ગુરુપૂર્ણિમા ૨૩ જુલાઈ ના દિવસે છે. સનાતન સંસ?થા વતી સંકલિત કરેલા સદર લેખ માંથી, ગુરુપૂર્ણિમા અને ગુરુ શિષ્ય પરંપરાનું મહત્વ તેમજ ગુરુપૂજનની વિધિ આ વિષય બાબત જાણી લઈએ. કોરોનાનો પ્રાદુર્ભાવ હજુ કેટલાક જગ્યાઓ પર હોવાથી આ વર્ષે પણ હંમેશાંની જેમ પ્રત્યક્ષ ગુરુપૂર્ણિમા ઊજવવામાં મર્યાદા આવી શકે છે. પ્રસ્તુત લેખમાં કોરોના સંકટકાળમાં નિર્બંધો વચ્ચે પણ ગુરુપૂર્ણિમા કેવી રીતે ઊજવવી, તે અપડે સમજી લઈશું.



મહત્ત્વ

હિંદુ સંસ્કૃતિમાં ગુરુનું મહત્ત્વ અનન્ય સાધારણ કહ્યું છે. તેથી જ અષાઢ પૂર્ણિમાના દિવસે ગુરૂપૂજન કરવામાં આવે છે. તેનેજ ગુરુપૂર્ણિમા તેમ જ વ્યાસ પૂર્ણિમા પણ કહે છે. વ્યાસ મુનિએ માનવજાતી પર કરેલા જ્ઞાનદાનના ઉપકાર મહાન છે. વ્યાસ મુનિએ આપેલા જ્ઞાનને કારણે માનવી પોતાના કર્મબંધનમાંથી મુક્ત થાય છે.

‘અસતો મા સદ્ગમય તમસો મા
જ્યોતિર્ગમય મૃત્યોર્મા ઽ મૃતં ગમય’

આ શ્લોકમાં એક વિજ્ઞાન છે. તે એમ છે કે, આ માયારૂપી જગતમાં જડ અને ચૈતન્ય દ્વારા કાર્ય થતું હોય છે. આવરણ એ જડ, અસત્, તમસ અને નાશ પામનારું છે, જ્યારે તેની અંદર રહેલું ચૈતન્ય એ સત્, જ્યોતિર્મય, પ્રકાશમય, સ્વસંવેદ્ય, ચૈતન્યમય અને અમર, કાયમસ્વરૂપી આનંદમય છે. જડસ્વરૂપ સગુણ આ તો કેવળ સાધન છે. તેથી ગુરુ આ જગતની, આ માયાની સત્યસ્થિતિનું શિષ્યને ભાન કરાવીને અમરરૂપી આત્મતત્ત્વ ભણી તેને લઈ જાય છે. આ મહાન કાર્ય ગુરુકૃપાને કારણે બની શકે છે.

ગુરુ શિષ્યને અસત્ય એવા માયાના પાશમાંથી મુક્ત કરીને તેને સત્ય એવા આત્મતત્ત્વ ભણી દોરી જાય છે. વાસ્તવિક માયા આ સાધન છે અને તે જ સત્ય છે, એવા ભ્રમરૂપી અજ્ઞાનમાંથી ગુરુ તેને પોતાના આત્મજ્ઞાન દ્વારા આત્મપ્રકાશ ભણી દોરી જાય છે. શરીરના મોહને કારણે ‘શરીર અમર રહેવું જોઈએલ, એવું તે સમજતો હોવાથી તેને સતત મૃત્યુનો ભય રહે છે. આવા મૃત્યુનો ભય રહેલા શિષ્યને ગુરુદેવ આત્મરૂપી અમર તત્ત્વ ભણી લઈ જાય છે.

જીવતત્ત્વ જ્યારે ભૂતલ પર જન્મે છે, ત્યારે તે આગળ જતાં માયાના પ્રભાવને કારણે માયાને જ સત્ય સમજી લઈને તેના સકંજામાં સપડાઈને કાર્ય કરવા લાગે છે. કળિયુગમાં તેને માતા-પિતા સત્યની જાણ કરી આપતા નથી તેમ જ સમાજ પણ માયામાં સપડાયો હોવાથી સત્યનાં દર્શન કરાવી આપતો નથી. કેવળ ગુરુ, કે જેમને સત્યનો બોધ થયો છે, તેઓ જ તે જીવને સાધનામાર્ગ દ્વારા સત્યની અનુભૂતિ કરાવી આપે છે.

રાષ્ટ્ર અને ધર્મરક્ષણની શીખામણ આપનારા ગુરુદેવના કાર્યનું સ્મરણ કરો !

અ. આર્ય ચાણક્યએ તક્ષશિલા વિદ્યાપીઠમાં ‘આચાર્ય’ પદપર નિયુક્ત થયા પછી તેમણે કેવળ વિદ્યાદાનમાં જ ધન્યતા માની લેવાને બદલે, ચંદ્રગુપ્ત જેવા અનેક શિષ્યોને ક્ષાત્ર-ઉપાસના કરવાનો મહામંત્ર પ્રદાન કરીને તેમની પાસેથી પારકાં ગ્રીક લોકોનું હિંદુસ્થાન પરનું આક્રમણ વખોડી કાઢ્યું અને હિંદુસ્થાનને એકસંઘ બનાવ્યો.

આ. પ્રત્યક્ષ પ્રભુ શ્રીરામચંદ્રજીનાં દર્શન થયેલાં સમર્થ રામદાસસ્વામી કેવળ રામનામના જપમાં રમમાણ થવાને બદલે, સમાજે બળ-ઉપાસના કરવી, તે માટે તેમણે અનેક ઠેકાણે હનુમાનજીની સ્થાપના કરી અને શિવાજી મહારાજજીને અનુગ્રહ આપીને તેમની પાસેથી ‘હિંદવી સ્વરાજ્ય’ની સ્થાપના કરાવી લીધી.

ઈ. વર્તમાન કાળમાં થઈ ગયેલા સ્વામી વરદાનંદ ભારતી અને મહાયોગી ગુરુદેવ કાટેસ્વામીજી, આ પણ તેવા જ મહાન ગુરુદેવ હતા. ધર્મ અને અધ્યાત્મની શીખામણ આપતી વેળાએ જ આ મહાપુરુષોની લેખણી બની તલવાર, તે કેવળ રાષ્ટ્ર અને ધર્મના કર્તવ્યો વિશે નિદ્રાધીન રહેલાં હિંદુ સમાજને જાગૃત કરવા માટે જ !

આવા તો કંઈ કેટલાયે ગુરુજનો છે કે, જેમણે પોતાના આચાર-વિચારો દ્વારા પોતાના શિષ્યો અને સમાજ સામે પણ રાષ્ટ્ર અને ધર્મ રક્ષણના પવિત્ર કાર્યનો આદર્શ મૂક્યો છે. આપત્કાલીન સ્થિતિમાં (કોરોનાની પાર્શ્વભૂમિ પર) ધર્મશાસ્ત્ર અનુસાર ગુરુપૂર્ણિમા ઊજવવાની પદ્ધતિ!

ગયા વર્ષની જેમ આ વર્ષે પણ કોરોનાની પૃષ્ઠભૂમિ પર ગુરૂપુર્ણિમા મહોત્સવ ઉજવવા માટે મર્યાદા હોઈ શકે છે. હિંદુ ધર્મમાં આપત્કાળ માટે ધર્માચરણમાં કેટલાક પર્યાય કહ્યા છે. તેને ‘આપદ્ધર્મ’ કહે છે. આપદ્ધર્મ એટલે ‘આપદિ કર્તવ્યો ધર્મ:?’ અર્થાત્ આપદામાં (આપત્તિમાં) આચરવાનો ધર્મ. વર્તમાનમાં કોરોનાની પાર્શ્વભૂમિ પર સદર લેખમાં વર્તમાન સ્થિતિમાં ધર્માચરણ તરીકે શું કરી શકાય, તેનો વિચાર અત્રે કરવામાં આવ્યો છે. અહી મહત્ત્વનું સૂત્ર એમ છે કે, હિંદુ ધર્મએ કયા સ્તર પર જઈને માનવીનો વિચાર કર્યો છે, એ શીખવા મળે છે. તેમાંથી હિંદુ ધર્મનું એકમેવાદ્વિતીયત્વ રેખાંકિત થાય છે.

અ. બધાએ પોતપોતાના ઘરે ભક્તિભાવથી ગુરુપૂજન અથવા માનસપૂજા કરવાથી પણ લાભ મળી શકવો

ગુરુપૂર્ણિમાના દિવસે મોટાભાગના લોકો તેમના શ્રી ગુરુદેવને ત્યાં જઈને તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરે છે. પ્રત્યેકની શ્રદ્ધા અનુસાર કોઈ શ્રી ગુરુ, કોઈ માતા-પિતા, કોઈ વિદ્યાગુરુ (જેમણે આપણને જ્ઞાન આપ્યું, તે શિક્ષક), કોઈ આચાર્યગુરુ (આપણે ત્યાં પરંપરાગત પૂજા માટે આવનારા ગુરુજી), જ્યારે કોઈ મોક્ષગુરુ (જેમણે આપણને સાર્વ્લોમાં દિશાદર્શન કર્યું, મોક્ષનો માર્ગ બતાવ્યો, તે શ્રી ગુરુ) પાસે જઈને તેમનાં ચરણોમાં કૃતજ્ઞતા વ્યક્ત કરે છે. આ વર્ષે કોરોના મહામારીની પાર્શ્વભૂમિ પર આપણે ઘરે રહીને ભક્તિભાવથી શ્રી ગુરુના છાયાચિત્રનું પૂજન અથવા માનસપૂજન ભાવપૂર્ણ રીતે કરવાથી પણ આપણને ગુરુતત્ત્વનો લાભ એક સહસ્ર ગણો થશે. પ્રત્યેકની શ્રદ્ધા અનુસાર ઉપાસ્યદેવતા, સંત અથવા શ્રી ગુરુ ભલે જુદા હોય, છતાં ગુરુતત્ત્વ એકજ હોય છે.

આ. સર્વ ભક્તોએ એકજ સમયે પૂજા કરવાથી સંગઠિત શક્તિનો લાભ થઈ શકવો

સંપ્રદાયમાંના સર્વ ભક્તોએ પૂજનનો સમય નક્કી કરીને બને ત્યાં સુધી તે જ સમયે પોત-પોતાના ઘરે પૂજન કરવું. ‘એકજ સમયે પૂજન કરવાથી સંગઠિત શક્તિનો વધારે લાભ મળે છે’, તે માટે સર્વાનુમતથી બને ત્યાં સુધી એક સમય નક્કી કરીને તે સમયે પૂજન કરવું.

★ સવારનો સમય પૂજા માટે ઉત્તમ માનવામાં આવે છે. જેમને સવારે પૂજા કરવાનું બનતું હોય, તેમણે સવારનો સમય નક્કી કરીને તે સમયે પૂજા કરવી. કેટલાક અપરિહાર્ય કારણોસર જેમને સવારે પૂજા કરવી શક્ય ન હોય, તેમણે સાંજનો એકાદ સમય નક્કી કરીને તે સમયે; પણ સૂર્યાસ્ત પહેલાં, અર્થાત્ સાંજે ૭ કલાક પહેલાં પૂજા કરવી. જેમને નક્કી કરેલા સમયે પૂજા કરવાનું સંભવ નથી, તેમણે પોત-પોતાના સમય અનુસાર પણ સૂર્યાસ્ત પહેલાં પૂજા કરવી.

★ પ્રત્યેકે પોત-પોતાના સંપ્રદાય અનુસાર શ્રી ગુરુ અથવા ઉપાસ્યદેવતાનું ચિત્ર, મૂર્તિ અથવા પાદુકાનું ઘરે પૂજન કરવું. ચિત્ર, મૂર્તિ અથવા પાદુકાને ગંધ (ચંદન) લગાડીને પુષ્પ ચડાવવું. ધૂપ, દીપ અને નૈવેદ્ય ધરીને પંચોપચાર પૂજા કરવી. પછી શ્રી ગુરુદેવની આરતી ઉતારવી. જેઓ સામગ્રીના અભાવથી પ્રત્યક્ષ પૂજા કરી શકતા નથી, તેમણે શ્રી ગુરુ અથવા ઉપાસ્યદેવતાની માનસપૂજા કરવી.

★ ત્યાર પછી શ્રી ગુરુએ આપેલા મંત્રનો જપ કરવો. શ્રી ગુરુ આપણા જીવનમાં આવ્યા પછી થયેલી અનુભૂતિઓનું સ્મરણ કરીને તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવી. એ સમયે ‘સમગ્ર વર્ષ દરમ્યાન આપણે સાધનામાં ક્યાં ઓછા પડ્યા ? આપણે શ્રી ગુરુની શિખામણનું કેટલા પ્રમાણમાં આચરણ કર્યું ?’ તેનું પણ સિંહાવલોકન કરીને તેનું ચિંતન કરવું.’

બોલબાલા હૈ ભાઈ ‘રેડીમેડ કી બોલબાલા હૈ!’

અવળ વાણી - સીધો બોધ

હળવે હૈયે
પ્રકાશ લાલા

હવે છેક દિવાળી સુધી આવનાર આપણા વિવિધ તહેવારોની છડીદાર સમું ‘ગૌરીવ્રત’ હમણાં ચાલે છે, ‘ગોર્યો’ ના આ વ્રતના પ્રારંભથી પૂર્વ સંધ્યાએ માર્કેટમાં જાણે ‘ગો ગ્રીન’ અને ‘વન મહોત્સવ’ નો પ્રચાર-પ્રસાર કરતી હોય એ રીતે લારીઓમાં વેચાણાર્થે અને બહુ ‘બીઝી’ (કે ઓછી ઉત્સાહી) મમ્મીઓ - કુમારીકાઓના લાભાર્થે તૈયાર - ‘રેડીમેડ’ પૂજારા - ઝવેરાની છાબડીઓ દેખાતી હતી... જાણે ‘જ્યાં જ્યાં નજર મારી પડે, લારી ભરી ‘ઝવેરા’ છાબની...’

‘શું થાય? જમાનો જ ‘રેડીમેડ’ થી બોલબાલાનો છે ને! અગાઉ તો ‘ગોર્યો’ ના થોડા દિવસો પહેલા ઉત્સાહી કુમારિકા એની અતિ ઉત્સાહી (દીકરીને વ્રત કરાવવા સ્તો) મમ્મી-દાદીના માર્ગદર્શન ને સુપરવિઝન હેઠળ જાતે જ ઘરે ઝવેરા ઉગાડતી, રોજ પાણી છાંટી એને પોષણ આપતી, નિત્ય સવારે, ‘મારા ઝવેરા કેટલા થયા?’ ની ઉત્કંઠા સાથે નિરીક્ષણ કરતી ને ‘ગૌરીવ્રત’ના પ્રથમ દિવસે ‘મેરે ઝવેરા તુમસે બડા હૈ’ એવો સાહેલીઓ સામે વટ મારતી પૂજા કરતી... હવે જાણે બધા ‘ફિલ્મ’ ની માફક, તહેવારોની ઊજવણીમાં જાતે કર્યાનો, આનંદ ઉત્સાહ-ઉમંગનો જે ‘ચાર્મ’ હતો, તે આમાં ય ઓસરતો જોવા મળે છે એટલે તો તૈયાર - ‘રેડીમેડ’ પૂજારા - ઝવેરા લઈ અપાય છે!! સમય ‘રેડીમેડ’નો હોઈ ‘એ તો હોના હી થા...’

આજકાલ જેટ કે રૉકેટના અને હવે તો ‘સ્પેસ રેસ’ના યુગમાં ‘લાઈફ ફાસ્ટ’ થવાથી બધા ટાઈમ ક્રાઈસીસ અનુભવે છે. (કે એવો ભ્રમ સેવે છે?) પરિણામે ઉદય થશે ‘ રેડીમેડ’નો. ‘રેડીમેડ ગાર્મેન્ટ’ થી એના શ્રીગણેશ થયા હતા.

બાકી તો તૈયાર કપડાં આવ્યાં એ પહેલાં ગામના દરજી પાસે કે ઘરે દરજી બેસાડીને, ઘરના બધા સભ્યોના કપડાં એ ‘ફેમિલી ટેઈલર’ પાસે સીવડાવવાની પ્રથા હતી એની ય મજા હતી, ખરુ ને? ઘરે દરજી બેસે, પિતાજી કે દાદાજી સસ્તા-ટકાઉ કાપડના જે આખા તાકા ખરીદી લાવ્યા હોય એમાંથી બધા ભાઈઓનાં ચડ્ડી, પહેરણ, લેંઘા - બંડા સીવતાં. એ કપડાં પહેરીને જો બધા સાથે બહાર નીકળે તો અસલ ‘બેન્ડવાજા વાળા’ જેવા લાગે... ભલે લાગતું, વડીલોની દૃષ્ટિ ‘સસ્તા’ ને ‘સુગમ’ પર રહેતી... આપણા કપડાનાં માપ, ડિઝાઈન - પેલા ‘ફેમિલી ટેઈલર’ ની કે વડીલોની મરજી મુજબનાં જ રહેતાં ! મતલબ કે ‘ફીટ એન્ડ ફાઈન’ ને ‘ફૅશન’ ના ખ્યાલની ત્યારે સદંતર બાદબાકી જ રહેતી. ‘આગે સે ચલી આતી હૈ’ નું મહત્ત્વ વધારે હતું.

પછી તૈયાર કપડાં આવતાં આવા ફેમીલી દરજીનું માર્કેટ ડાઉન અને ‘રેડીમેડ’ સ્ટાઈલીસ્ટ - ફૅશનબેલ ગાર્મેન્ટ્સનું માર્કેટ ઊંચકાતું ચાલ્યું.

ફાસ્ટ ને ટેન્શનવાળી લાઈફ જીવતા માણસો પાસે સમયની શોર્ટેઝ હોય એ વાતનો લાભ લઈને, કુનેહબાજ ધંધાદારીઓએ ‘રેડીમેડ ગાર્મેન્ટ’ ના પગલે ‘રેડીમેડ ફૂડ’ શરુ કર્યા, જે ‘ફાસ્ટફૂડ’ તરીકે ડબલ ફાસ્ટ સ્પીડે પોપ્યુલર બન્યાં.... જો કે પછીથી ડૉકટર્સ, હેલ્થ કોન્શિયસર લોકો ડાયેટિશિયન તેમજ આયુર્વેદાચાર્યો દ્વારા ‘ફાસ્ટ ફૂડ’ ને ‘હેલ્થ’ માટે ‘અનહેલ્થી’ ડિકલેર કરાતાં એ ‘જંકફૂડ’ તરીકે બદનામ પણ થયું છે.... છતાંય સ્વાદના શોખીન યંગસ્ટર્સ તથા જરૂરિયાત સમયે હાથવગું - સવસતભર્યું રહેતું હોવાથી મોટેરાંઓમાં પણ હજી ‘ફાસ્ટફૂડે’ એનો દબદબો જાળવી રાખ્યો છે ખરો!

‘ફાસ્ટ ફૂડ’ પ્રચલિત થવા માટે લોકોની થોડી આળસ, થોડી સમયની તાણ, વધારે દોડાદોડી અને એથી એ વદજારે જીભના ‘ચટાકા’ જ કારણભૂત હશે ને? આ જ કારણથી ઉપવાસ માટે અવનવાં - જાતજાતનાં ‘રેડીમેડ’ ફરાળી વ્યંજનો ઉપલબ્ધ થવા લાગ્યાં છે. અગાઉ તો ફરાવી આઈટેમની યાદીનો સાબુદાણાની ખીચડી, ફરાળી ચેવડો, પેંડા-માવો, બટાકા - કેળા - વેફર્સ - કાતરી, બફવડાથી ધી એન્ડ થઈ જતો હતો... પણ આજે આ લિસ્ટ દર શ્રાવણ મહિનામાં લંબાતું જતું જોવા મળે છે ! કહોને કે ચારેકોટ ફાવેલા વિકાસના પગલે પગલે હરાળના ક્ષેત્રમાં ય વિકાસ ઝાલ્યો નથી રહેતો અને ‘ફરાળી’ ના નામે ‘રેડીમેડ’ - ‘ફાસ્ટ ફૂડ’ તરીકે ફરાવી ભાખરી, પૂરી, ફરાળી હાંડવો - ઢોકળાં, ફરાળી પતરવેલીમાં - ઢોંસાથી લઈને ફરાળી પીત્ઝા સુધી પહોંચી ગયો છે ને ‘મેક્સિકન’ ને ‘થાઈ’ ફરાળી ફુડ સુધી નહીં પહોંચે તો નવાઈ નહીં!! આ વિવિધ ફરાળી વાનગીઓના આકર્ષણે ઉપવાસથી દૂર રહેતા ઘરના સભ્યો હવે હોંશે હોંશે (ભાતભાતની ફરાળી આઈટેમ્સ ખાવાની હોંશ) ઉપવાસી પર્વોમાં જોડાવા લાગ્યા છે એ એક આનો ‘ધાર્મિક’ લાભ કહી શકાય.

હોય, સમય પ્રમાણે આવું બધું ચાલતું રહેવાનું. પરિવર્તનનો પવન ફૂંકાતો રહેવાનો... પરિવર્તનના આ પવનમાં જૂનું ધકેલાઈ જાય ને નવું ખેંચાઈ આવે એ સ્વાભાવિક છે... આમેય એકધારી જિંદગી - રુટિન લાઈફ - એક જ ઘરેડમાં ‘જીના ભી કયા જીના હૈ, લલ્લું ?’

● ● ●

કયારેક એવા વિધાનો વાંચવા મળે છે, જે પ્રથમ દૃષ્ટિએ ‘અવળ વાણી’ સમાં ભાસે... પણ એમાંથી નીકળતો અર્થ અને મળતો ગહન બોધ સીધો ને ચોટદાર હોય છે... જેમ કે ‘સાચો નિર્ણય લેવા માટે અનુભવ આવશ્યક છે, જે કેટલાક ખોટા નિર્ણય બાદ પ્રાપ્ત થતો હોય છે...’ અને ‘જ્ઞાન શાળામાંથી નહીં, બહારથી મળે છે. પણ બહારનું જ્ઞાન કઈ રીતે મેળવવું તે શાળા શીખવે છે...’

આવી કંઈક વધારે વાત ફરી કોઈવાર... તબ તક કે લિએ... ‘બાય... બાય...’